# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં. ૧૨ પહેલો માળ, ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.**

## કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ – ગુજરાતી માધ્યમ) અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૫

કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની સ્પેશિયલ ભરતી (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ – ગુજરાતી માધ્યમ) ની સીધી ભરતી માટે સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૪/૨૦૨૫ના પત્રથી મંજૂર થયેલ જગ્યાઓ ઉપર નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K, તા.૨૦/૦૧/૨૦૧૭ ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યા | જાહેરાત ક્રમાંક | વિભાગ | વિષય | સામાન્ય (Gen.) | અ.જાતિ (SC) | અ.જ.જાતિ (ST) | સા.શૈ.પ.વર્ગ (SEBC) | આર્થિક નબળા વર્ગ (EWS) | કુલ | જિલ્લાના રોસ્ટર રજીસ્ટર મુજબ દિ. શારીરિક અશક્તતા ધરાવતા (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિદ્યાસહાયક વર્ગ – ૩ | ૦૩/૨૦૨૫ | નિમ્ન પ્રાથમિક | ધોરણ ૧ થી ૫ | ૧૧૯૧ | ૧૮૩ | ૧૬૭ | ૭૦૯ | ૨૫૦ | ૨૫૦૦ | ૧૦૧ |
| | | ઉચ્ચ પ્રાથમિક | ગણિત વિજ્ઞાન | ૨૪૨ | ૩૮ | ૪૦ | ૧૩૮ | ૫૧ | ૫૦૯ | ૨૦ |
| | | | ભાષાઓ | ૨૬૩ | ૪૧ | ૪૪ | ૧૫૧ | ૫૫ | ૫૫૪ | ૨૨ |
| | | | સામાજિક વિજ્ઞાન | ૨૫૬ | ૩૯ | ૪૨ | ૧૪૫ | ૫૪ | ૫૩૭ | ૨૧ |

શિક્ષણ વિભાગના તા ૦૬/૦૫/૨૦૨૫ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં વર્ષ ૨૦૨૩ અને તે પહેલાના વર્ષોમાં ટેટ પાસ કરેલ તમામ ઉમેદવારો અરજી કરી શકશે.

(૧) ભરતી અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ https://dpegujarat.in ઉપર તા.૧૨/૦૫/૨૦૨૫ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.

(૨) શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઈન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.

(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. (જાહેર રજાના દિવસ સિવાય)

(૪) આ જગ્યા ઉપર નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા આપવામાં આવેલ જાહેરાત અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ કચ્છ દ્વારા નિમણૂંક આપવામાં આવે તો સમગ્ર નોકરી દરમિયાન કચ્છ જિલ્લામાં જ ફરજ બજાવવાની રહેશે.

(૫) આ ભરતી અંતર્ગત નિમણૂંક પામેલ વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવ અને તે અંતર્ગતના સુધારા ઠરાવોથી નિયત થયેલ બદલી નિયમોના વધ ઘટ બદલી અને જિલ્લા આંતરિક બદલી તેમજ વહીવટી બદલી સિવાયની અન્ય કોઈ બદલીની જોગવાઈ લાગુ પડશે નહી.

(૬) શિક્ષણ વિભાગના તા. ૩૦/૦૪/૨૦૨૫ના પત્ર ક્રમાંક : પીઆરઈ/૧૨૨૦૨૪/૯ ૨૭૯૮/ક થી મળેલ મંજૂરી અન્વયે નિમ્ન પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૫)માં વધારાની ૨૫૦૦ જગ્યાઓ તેમજ ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮) માટે અગાઉ મળેલ ૭૦૦૦ વિદ્યાસહાયકની ભરતીની મંજૂરી અન્વયે આપેલ જાહેરાત પૈકી કચ્છ જિલ્લા માટે ૧૬૦૦ જગ્યાઓની ફાળવણી કરવામાં આવેલ હોઈ તા. ૦૧/૧૧/૨૪ના રોજ આપવામાં આવેલ જાહેરાતના અનુસંધાને જે ઉમેદવારોએ અરજી કરેલ છે તેઓ સદર જાહેરાત અન્વયે કચ્છ જિલ્લામાં નિમણૂંક મેળવવા માંગતા હોય તે ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને નવેસરથી અરજી કરવાની રહેશે.

તા. ૦૮/૦૫/૨૦૨૫

સ્થળ:-ગાંધીનગર

ડૉ. એમ.આઈ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

માહિતી/૨૭૩/૨૦૨૫-૨૬